# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 15-05-2024 સાંજે : 7.10 થી 7.20

વાર : બુધવાર

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

---

- મોરબીના મચ્છુ ડેમમાં ત્રણ ડૂબ્યા..જ્યારે નર્મદાના પોઇચામાં શોધખોળ દરમિયાન આજે બે મૃતદેહો મળી આવ્યા.. નદીમાં ગરકાવ વધુ લોકોને શોધવાની કામગીરી ચાલી રહી છે..
- રાજ્યભરમાં ત્રીજા દિવસે પણ વરસાદ વરસ્યો .. વલસાડ, સુરેન્દ્રનગર અને કચ્છમાં તોફાની વરસાદ .
- રાજ્યના વિવિધ જીલ્લાઓમાં તબક્કાવાર પ્રિમોન્સૂન કામગીરીની સમીક્ષા બેઠક...કોઇપણ સ્થિતિની પહોંચી વળવા તંત્ર સજ્જ
- રાજ્યભરમાં આરટીઇ હેઠળ બીજા રાઉન્ડમાં વધુ ત્રણ હજાર છસો ત્રીસ બાળકોને પ્રવેશ મળ્યો ...
- ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ ડોક્ટર કમલા બેનીવાલનું નિધન થયુ ... રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શ્રદ્ધાંજલિ પાઠવી.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## Morbi drowned

મોરબીના સાદુળકા પાસેના મચ્છુ 3 ડેમના નીચાણવાળા વિસ્તારમાં નદીમાં નાહવા ગયેલા એક યુવાન અને બે સગીર સહિત 3 લોકો ડૂબી ગયા છે. હાલ ફાયર અને બચાવ ટીમો દ્વારા ડૂબી ગયેલા લાપતા લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે.

મોરબી જિલ્લાના અમારા પ્રતિનિધિ રવી મોટવાની ફાયર વિભાગના અહેવાલને ટાંકીને જણાવે છે કે મચ્છુ 3 ડેમ પાસે નદીમાં આજુબાજુના વિસ્તારના સાત જેટલા યુવાનો અને સગીરો ન્હાવા પડ્યા હતા, જેમાંથી પ્રથમ એક યુવાન ડૂબ્યા બાદ તેને બચવા જતા બે સગીરો પણ ડૂબ્યા હતા જોકે અન્ય ચાર યુવાનોનો બચાવ થયો હતો. હાલ બચાવ કામગીરી ચાલુ છે.

## Poicha – Rescue Mission New

પોઇચા ખાતે ગઇકાલે સર્જાયેલી કરુણાંતિકામાં ચાલી રહેલી બચાવ કામગીરી દરમિયાન આજે બપોરે વધુ એક કિશોરનો મૃતદેહ મળી આવ્યો છે. દરમ્યાન આજે સવારે એક કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો. અત્યાર સુધી નદીમાંથી બે મૃતદેહો મળ્યા છે. હાલમાં એનડીઆરએફ, ફાયર ફાયટરની ટીમો 6 જેટલી બોટ દ્વારા નદીમાં બાકીના 5 લોકોની શોધખોળ ચાલી રહી છે. ૬0થી વધુ બચાવ કામગીરી દ્વારા નર્મદા નદીમાં અઢી કિલોમિટર જેટલા વિસ્તારમાં આ તરવૈયાઓ દ્વારા શોધ કરવામાં આવી રહી છે.

રાજપીપળા સ્થિત આપત્તિ વ્યવસ્થાપન નિયંત્રણ કક્ષ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ગઇકાલે બપોરે પોઇચા ખાતે આવેલા શ્રદ્ધાળુ પરિવારના ૧૭ સભ્યો પોઇચા નિલકંઠ ધામ પાસેથી પસાર થતી નર્મદા નદીમાં સ્નાન કરવા માટે ગયા હતા. ત્યારે આઠ વ્યક્તિઓ નર્મદા નદીના વહેણમાં ગરકાવ થઇ ગઇ હતી. બચાવ કામગીરી અંગે વધુ વિગતો આપે છે નર્મદા જિલ્લાના કલેકટર શ્વેતા ટેવતીયા

(બાઇટ - શ્વેતા ટેવતીયા)

બીજી તરફ, શ્રી રંગસેતુ આસપાસ મગરો હોવાથી અને પાણી પ્રવાહને કારણે તમામ પ્રકારની તકેદારી સાથે આ કામગીરી કરવામાં આવી રહી છે.

પ્રાથમિક અહેવાલો મુજબ ડૂબી જનારા પરિવાર મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોટડી ગામના વતની છે અને હાલમાં વ્યવસાય અર્થે સુરત સ્થાયી થયા છે. ઉનાળું વેકેશનના કારણે આ પરિવાર પોઇચા ધામ અને કરનાણી ખાતે ધાર્મિક યાત્રાએ આવ્યો હતો અને

તે સમયે આ દુઃખદ ઘટના બની હતી. હાલમાં નર્મદા જિલ્લા પ્રશાસન દ્વારા આ પરિવારને પોઇચા ધામ ખાતે રાખવામાં આવ્યો છે.

## RAIN

રાજ્યમાં આજે પણ કમોસમી વરસાદના ઝાપટાં પડ્યા હતા.. જેમાં કચ્છમાં સતત ત્રીજા દિવસે વરસાદ વરસ્યો હતો.. કચ્છના અબડાસા, નખત્રાણા અને ભચાઉ તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોના મોટી વિરાણા જેવા ગામમાં વરસાદ પડ્યો હતો...વિજળીના કડકા અને ભડાકા સાથે તોફાની વરસાદ વરસ્યો હતો.. જ્યારે નખત્રાણા-ભુજ હાઇવે પર નખત્રાણા બસ સ્ટેશન પાસે વોકળામાં પાણી ભરાઇ ગયા હતા જેને કારણે માર્ગની બંને તરફ વાહનો અટવાયા હતા.સુરેન્દ્રનગરમાં પણ વરસાદે ઠંડક પ્રસરાવી હતી.. સુરેન્દ્રનગર શહેરમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો..સતત ચોથા દિવસે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સહિત અનેક વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો.ડાંગના પૂર્વપટ્ટી સહિત જિલ્લાના આહવા ચિકટિયા સૂકમાળ ગિરિમથક સાપુતારા, શામગહાન, ગલકુંડ,ચીખલી, બોરખલ અને પૂર્વપટ્ટી તેમજ મહારાષ્ટ્રનાં સરહદીય પંથકોમાં વિજળીનાં કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ પડયો હતો..વરસાદને કારણે ડાંગી ખેડૂતો ને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. વરસાદને કારણે ગિરિમથક સાપુતારા સહિતના જોવાલાયક સ્થળોનું વાતાવરણ આહલાદક બની જવા પામ્યુ હતુ. ગિરિમથક સાપુતારા ખાતે વરસાદી માહોલનાં પગલે વાતાવરણમાં શીત લહેર વ્યાપી જતા ફરવા આવેલ પ્રવાસીઓની મોજ પડી ગઈ હતી. વલસાડમાં પણ મોડી સાંજે ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો..રાજકોટના કોટડા સાંગાણીમાં પણ ભારે વરસાદના અહેવાલ મળી રહ્યાં છે.. જેને કારણે અસહ્ય ગરમીમાંથી લોકોને રાહત મળી હતી.

## PREMOONSOON

રાજ્યના વિવિધ જીલ્લોઓમાં તબક્કાવાર રીતે પ્રિમોન્સૂન કામગીરી અંગેની બેઠક યોજાઇ રહી છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સુન તૈયારીઓ માટે બેઠક યોજાઇ હતી..ચોમાસા દરમિયાન વાવાઝોડુ અને ભારે વરસાદ અને પૂર જેવી કુદરતી આપત્તિનો સામનો કરવા, આગોતરી તૈયારી કરવા અને જોખમ ઘટાડવા માટેના આગોતરા આયોજનના ભાગરૂપે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન બેઠક યોજાઇ હતી.જિલ્લા કક્ષાનો કંટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવામાં આવશે સંભવિત આફત બાદ આરોગ્ય, વીજળી, પાણી

પૂરવઠો તાત્કાલિક મળી રહે તે માટેના સૂચનો અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.. જ્યારે ગીર સોમનાથ જીલ્લામાં પણ કામગીરી થઇ છે. જીલ્લાની તમામ નગરપાલિકાઓ દ્વારા તકેદારીના ભાગરૂપે બેનર, હોર્ડીંગ્સ ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. વરસાદ કે પવન ફુંકાવાના સમયે નાગરિકોને મોટા બેનર, હોર્ડીંગ્સ, ભયજનક કે જર્જરિત માળખાં હોય તો તેનાથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે.

## AMBAJI MARBEL GI TAG

અંબાજીના સફેદ મારબલને 'ઓફિસ ઓફ ધ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ્સ, ડિઝાઇન્સ એન્ડ ટ્રેડમાર્ક્સ' દ્વારા GI સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. આ સફેદ માર્બલ સૌથી જુનો માર્બલ છે. આ સફેદ માર્બલની ખાસ વિશેષતા એ છે કે તે ભારતના અન્ય રાજ્યોમાં મળતા માર્બલ કરતા વધારે સખ્ત છે. મૂર્તિ શિલ્પ અને વાસ્તુ શિલ્પ માટે આ માર્બલ શ્રેષ્ઠ છે. આ ખાસ વિશેષતાના લીધે કુંભારિયા, દેલવાડા, રણકપુરના જૈન દેરાસરોનું નિર્માણ આ માર્બલથી કરવામાં આવ્યું છે. આ વિશે આકાશવાણી સાથે વધુ વાત કરતા સ્ટોન આર્ટીશન પાર્ક ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટના પ્રાદેશિક નિયામક ડો. નીતિન દત્તે જણાવ્યું કે GI ટેગ મળવાથી સફેદ માર્બલને વધુ ખ્યાતી મળશે અને આખા ભારતમાં તેનો ઉપયોગ વધશે.

(બાઈટ - ડો. નીતિન દત્ત, સ્ટોન આર્ટીશન પાર્ક ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટના પ્રાદેશિક નિયામક)

## RTE

RTE હેઠળ બીજા રાઉન્ડમાં વધુ ૩૬૩૦- બાળકોને પ્રવેશ અપાયા છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી ૮ હજાર ૫૬૩ જગ્યાઓ પર વધુને વધુ નબળા અને વંચિત જૂથના બાળકોને પુનઃ પસંદગીની તક આપવામાં આવી હતી આ સમયગાળામાં એકંદરે કુલ: ૭૫ હજાર ૮૫૩ અરજદારોને શાળાઓની પુનઃ પસંદગી કરેલી હતી. ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયાનો બીજો રાઉન્ડ જાહેર કરાયો હતો. જેમાં વધુ ૩ હજાર ૬૩૦ જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવેલો છે. બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ ૨૦મી મે 2024 નેસોમવાર સુધીમાં જે તે શાળામાં શાળા સમય દરમિયાન રૂબરૂ જઈ જરૂરી આધાર- પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવી લેવાની સૂચના આપવામાં આવી છે..

## Kamala Beniwal passes away

ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ ડૉ કમલા બેનિવાલનું આજે નિધન થયું છે. તેઓ 97 વર્ષના હતા. ડૉ. બેનિવાલે 27 નવેમ્બર 2009 થી છઠ્ઠી જુલાઇ 2014 દરમ્યાન ગુજરાતના રાજ્યપાલ તરીકે સેવા આપી હતી. આ ઉપરાંત તેઓ ત્રિપુરા અને મિઝોરમ રાજ્યના પણ રાજ્યપાલ રહી ચૂક્યા હતા. ડૉ. કમલા બેનિવાલ રાજસ્થાન સરકારમાં પ્રથમ મહિલા નાયબ મુખ્યમંત્રી પણ રહ્યા હતા.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ડૉ કમલા બેનિવાલના નિધન અંગે શોકની લાગણી વ્યક્ત કરતાં શ્રદ્ધાંજલિ પાઠવી છે. અને ડૉ. બેનિવાલના પરિવારજનોને સાંત્વના પાઠવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડૉ કમલા બેનિવાલના નિધન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરતાં શ્રદ્ધાંજલિ પાઠવી છે. તેમણે સદગતના આત્માની શાંતિ માટે પ્રાથના કરી છે અને ડૉ. બેનિવાલના પરિવારજનોને સાંત્વના પાઠવી છે

# TRAIN

અજમેર ડિવિઝન પર બ્લોકને કારણે સાબરમતી-જોધપુર એક્સપ્રેસ ત્રણ દિવસ રદ રહેશે.ઉત્તર પશ્ચિમ રેલવેના અજમેર ડિવિઝન પર મદાર-પાલનપુર સેક્શનમાં બ્રિજ નંબર 756 પર આરસીસી બોક્સ લોન્ચિંગ કરાઇ રહ્યુ છે. જેથી બ્લોકને કારણે સાબરમતી-જોધપુર-સાબરમતી એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે.

17 અને 18 મેના રોજ સાબરમતીથી ઉપડતી સાબરમતી-જોધપુર એક્સપ્રેસ રદ રહેશે.જ્યારે 16 અને 17 મેના રોજ જોધપુરથી ઉપડતી જોધપુર-સાબરમતી એક્સપ્રેસ રદ રહેશે.